### નસવાડી તાલુકાની વઘાચ જિલ્લા પંચાયત બેઠકની ફોર્મ ચકાસણીમાં મામલો ગરમાયો

## આપ ઉમેદવારનું ફોર્મ મંજૂર, કોંગ્રેસના ઉમેદવારનું નામંજૂર

### કોંગ્રેસના ડમી ઉમેદવારનું ફોર્મ મંજૂર કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) નસવાડી તા.13

નસવાડી તાલુકાની 5 જિલ્લા પંચાયત અને 22 તાલુકા પંચાયતની બેઠકના ઉમેદવારોની ફોર્મની ચકાસણી સોમવારના રોજ નસવાડી સેવાસદન અને તાલુકા પંચાયતમા રાખવામાં આવી હતી જેને લઈ નસવાડી તાલુકાની 4 જિલ્લા પંચાયત બેઠક ઉપરના ઉમેદવારી ફોર્મ ત્રણે રાજકીય પાર્ટીઓના મંજુર કરવામાં આવ્યા હતા ત્યાર બાદ વઘાચ જિલ્લા પંચાયત બેઠક ઉપરના ઉમેદવારી ફોર્મની ચકાસણી શરૂ થતા લક્ષ્મણસિંહ ઈન્દ્રસિંહ સોલંકીએ મૌખિક રીતે ચૂંટણી અધિકારીને કોંગ્રેસના ઉમેદવાર સોલંકી જયેન્દ્રસિંહ દોલતસિંહ પોસ્ટ ઓફિસમા પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવે છે અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભીલ ગોપાલભાઈ જેસીંગભાઈના ત્રણ બાળકો છે તેવું ભાજપના ઉમેદવાર લક્ષ્મણસિંહ ઈન્દ્રસિંહ સોલંકીએ ચૂંટણી અધિકારીને



લેખિત વાંધો ઉઠાવતા મામલો ગરમાયો હતો અને ભારે ચકમક જામી હતી જેની સામે આમ આદમીના ઉમેદવારએ બે જ બાળકો છે તેવો લેખિત ખુલાસો આપી ભાજપના ઉમેદવાર પાસે પુરાવા માંગતા અને કોંગ્રેસના ઉમેદવારએ નોકરીમાંથી રાજીનામું આપી દીધું છે તેવા પુરાવા રજુ કરતા અને વકીલો દ્વારા સમગ્ર મામલાને લઈ પંચાયત અધિનિયમ હેઠળ જોગવાઈ બતાવી ધારદાર રજુઆતો કરતા ચૂંટણી અધિકારી પણ મુંજવણમા મુકાઈ ગયા હતા જેને લઈ આ બાબતે ચૂંટણી અધિકારીએ ઉચ્ચ કક્ષાના અધિકારીઓ અને મામલતદાર પાસે માર્ગદર્શન માંગતા 4 કલાકના સમય બાદ આખરે ચૂંટણી અધિકારીએ કોંગ્રેસના પ્રથમ ઉમેદવાર સોલંકી જયેન્દ્રસિંહ દોલતસિંહનું ફોર્મ ના મંજૂર કર્યું હતુ અને તેઓના પુત્ર કોંગ્રેસના બીજા મેન્ડેટના ઉમેદવાર સોલંકી સુરભાનસિંહ દોલતસિંહનુ ફોર્મ મંજુર કર્યુ હતુ અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભીલ ગોપાલભાઈ જેસીંગભાઈનાઓ ફોર્મ પણ મંજૂર કર્યું હતું અને ભાજપે કોંગ્રેસના તાલુકાના પ્રમુખનું ફોર્મ ધાતક તીર મારીને રદ કરાવી દીધું હતું.

આખરે ભારે રકઝક બાદ ચૂંટણીનો ફોર્મ મંજૂર થતા હાઈવોલ્ટેજ વઘાચ બેઠક ઉપર ચૂંટણીનો જંગ થશે જેને લઈ કાગળ ઉપરની લડાઈમા આમ આદમી પાર્ટી અને કોંગ્રેસની જીત થતા કાર્યકરોમા ભારે ખુશી છવાઈ હતી હવે ફોર્મ ખેંચવાની તારીખે શું થાય છે તે જોવાનું રહ્યું

### નગરજનોએ પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો

## ઢોકલીયાની હરખલી કોતર પર નાળુ બનાવવા તથા ગંદકી સાફ કરવા માગ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.13

છોટાઉદેપુર જિલ્લા ના બોડેલી નગરપાલિકામાં આવેલા ઢોકલીયા ના ઉપર વાસમાંથી આવતું વરસાદી પાણી ભરાઈ જોવાના કારણે નાળુ તૂટી જતા પાંચ વર્ષથી હાલાકી ભોગવી રહેલા રહીશો ચૂંટણી પહેલા વિરોધ વંટોળ જોવા મળ્યો બોડેલી નગર વિસ્તારમાં આવેલા ઢોકલીયા વિસ્તારમાંથી પસાર થતી હરખલી કોતર પર ચોમાસાના વરસાદી પાણીથી પાંચ વર્ષ પહેલા થી નાળુ તૂટી સ્થાનિક રહીશોને અવરજવર કરવા ગંદકી માંથી ખદબદતી હરખલી કોતર માંથી પસાર થવા મજબૂર બનતા આવનારા દિવસોમાં નગરમાં ચૂંટણી ફ્યુગલ વાગી ચૂક્યું છે તેવામાં બોડેલીઢોકલીયા વિસ્તારના હરખલી કોતર ની આસપાસ



ના રજાનગર વર્ધમાન નગર તથા દિવાન ફળિયાનાં લોકો એ મતદાન થાય તે પહેલા 2022 માં ચોમાસા દરમિયાન વરસાદી પાણીના પ્રવાહને લઈ તૂટી ગયું છે તેનો નિકાલ લાવવા માં આવે તેવી માંગ કરી છે. શાળાઓમાં જતા નાના મોટા બાળકોને ભારે મુશ્કેલી પડી રહી છે ગંદકીનું સામ્રાજ્ય ત્યાં જોવા મળી રહ્યું છે એટલું જ નહીં હરખલી કોતર પર વ્યવસ્થિત આયોજન બદ્ધ રીતે તંત્ર દ્વારા પહોળું નાળુ બનાવવામાં આવે તો 108 એમ્બ્યુલન્સ સાથે નાના વાહનોની પણ અવરજવર નો લાભ રજાનગર વિસ્તારને મળી રહે તેમ છે. બોડેલી અને ઢોકલીયા વિસ્તારમાંથી પસાર થતા આ હરખલી કોતરમાં બારેમાસ ગંદકીનું સામ્રાજ્ય રહેતું હોય આસપાસમાં રહેતા લોકો તેની દુર્ગંધ સાથે ગંદકીને લઈ થતા મચ્છરના ઉપદ્રવથી પણ રોગ ચાળા નો સામનો કરવો પડે છે. જેથી કરીને સ્થાનિક લોકો ની માંગ છે કે હરખી કોતર ઉપર નાળુ બનાવો અને ગંદકી સફાઈ કરાવો આપે તો રાહત મળે તેમ છે

### પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે કાર્યવાહી

## બોડેલીના કુંડી ગામની સીમ પાસેથી રૂપિયા 1.27 લાખનો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) બોડેલી તા.13

બોડેલી પી.એસ.બરંડા પોલીસ ઈન્સ્પેક્ટર બોડેલી પોલીસ સ્ટેશન નાઓએ સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસોને સખત પેટ્રોલીંગ કરી ઉપરોક્ત કામગીરી કરવા સુચના આપેલ જે આધારે સર્વેલન્સ સ્ટાફના કે.એમ.રાઠોડ પોલીસ સબ.ઈન્સક્ટર નાઓ પોલીસ માણસો સાથે બોડેલી પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન શ્રી પી.એસ.બરંડા પોલીસ ઈન્સ્પેક્ટર નાઓની બાતમી હકીકત આધારે કુંડી ગામની સીમમા જવાના કાચા રસ્તા ઉપરથી એક મારૂતી સુઝુકી કંપનીની ગ્રે કલરની બલેનો ગાડી નંબર-GJ-03-JC-5634 માંથી બનાવટના વિદેશી દારૂ ભરેલ માઉન્ટસ ૬૦૦૦ સુપર સ્ટ્રોગ બીયર ૫૦૦ મી.લી ની પતરાની છુટી



ટીન બીયર નંગ-૬૦૦ નો પ્રોહી મુદ્દામાલ જેની કુલ કિ.રૂ.૧,૨૭,૨૦૦/- તથા પ્રોહી મુદ્દામાલની હેરાફેરી કરવામાં ઉપયોગમાં લીધેલ એક મારૂતી સુઝુકી કંપનીની ગ્રે કલરની બલેનો ગાડી નંબર-GJ-03-JC-5634 ની કિં.રૂ.૬,00,000/- મળી કુલ કિં.રૂ.૭,૨૭,૨૦૦/- નો મુદ્દામાલ પકડી પાડી નાશી ગયેલ ગાડીના ચાલાક વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ છે.

## પાવીજેતપુર પોલીસ સ્ટેશન ખાતે કર્મચારીઓ માટે તાલીમ યોજાઈ

(પ્રતિનિધિ) પાવીજેતપુર તા.13

જેતપુરપાવી પોલીસ સ્ટેશન ખાતે સ્થાનિક સ્વરાજ ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત આજરોજ જેતપુરપાવી પોલીસ સ્ટેશન ખાતે આવનારી સ્થાનિક સ્વરાજ ચૂંટણી-૨૦૨૬ને ધ્યાનમાં રાખીને પોલીસ કર્મચારીઓ માટે વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ દરમિયાન પોલીસ સ્ટાફને ચૂંટણી દરમિયાન નિભાવવાની ફરજો અંગે વિગતવાર માર્ગદર્શન પી આઈ. એલ પી રાણા દ્વારા આપવામાં આવ્યું હતું. સાથે સાથે મતદાન પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે લેવાયેલી તકેદારી, સંવેદનશીલ વિસ્તારોમાં વ્યવસ્થા, તેમજ અચાનક સર્જાતી પરિસ્થિતિઓને પહોંચી વળવા માટેની કાર્યવાહી અંગે સમજ આપવામાં આવી હતી. અધિકારીઓ દ્વારા પોલીસ કર્મચારીઓને નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે સતર્કતા અને જવાબદારીપૂર્વક ફરજ બજાવવાની અપીલ કરવામાં આવી હતી.આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવો ન બને અને સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનો હતો.

### ટ્રેક્ટરમાં સવાર 7 લોકોનો આબાદ બચાવ

## ઓરસંગ બ્રિજ પર ગમખ્વાર અકસ્માત, ટ્રેક્ટર અને હાઈવા વચ્ચે જોરદાર ટક્કર

(પ્રતિનિધિ) બોડેલી તા.13

બોડેલીના ઓરસંગ બ્રિજ પર એક મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઈ છે. બેફામ ઝડપે આવતા એક હાઈવા ટ્રકે મકાઈના રાડા ભરેલા ટ્રેક્ટરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે ટ્રેક્ટરમાં ભરેલો તમામ સામાન પુલ પર વેરવિખેર થઈ ગયો હતો, જેના કારણે કલાકો સુધી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.મકાઈના રાડા ભરેલું ટ્રેક્ટર જ્યારે બ્રિજ પરથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે પાછળથી આવતા એક હાઈવા ચાલકે ગફલતભરી રીતે ટ્રેક્ટરને ઠોકર મારી હતી. ટ્રેક્ટરમાં કુલ 7 જેટલા શ્રમિકો સવાર હતા. સદનસીબે, ટ્રેક્ટર પુલના પિલર સાથે અથડાઈને અટકી ગયું હતું. જો આ ટ્રેક્ટર ઓરસંગ નદીમાં



ખાબક્યું હોત, તો મોટી જાનહાનિ થઈ શકી હોત. હાલમાં તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.ઓરસંગ બ્રિજની જર્જરિત હાલત અથવા સુરક્ષાના કારણોસર કલેક્ટર શ્રી દ્વારા આ પુલ પરથી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. છતાં પણ ભારે વાહનો અહીંથી પસાર થઈ છે જેને લઈને આવી ઘટનાઓ બનતી હોય છે

### અનુપમ સંજીવની અને આરોગ્ય વિભાગના સહયોગથી વિતરણ

## સંખેડામાં 80 ટીબી દર્દીને પોષણ કીટ આપવામાં આવી



(પ્રતિનિધિ) સંખેડા તા.13

સંખેડા ના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાત તારીખ 13. 4 .2026 ના રોજ 80 ટીંબી દર્દીઓને પોષણ યુક્ત કીટનું વિતરણ કરવામાં આવ્યું સામૂહિક આરોગ્ય કેન્દ્ર સંખેડા ખાતે અનુપમ મિશન મોગરી જીલ્લો આણંદ અનુપમ સંજીવની હેલ્થ અવરલેસ તરફથી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને જિલ્લા ક્ષય અધિકારી ના સહયોગથી કુલ ૮૦ જેટલા ટીબી દર્દીઓ ને પોષણયુક્ત કીટનું વિતરણ સામૂહિક આરોગ્ય કેન્દ્ર સંખેડા ખાતે કરવામાં આવ્યું હતું જેમાં પૂજનીય સતીશદાસજી તેમજ મણીદાસજી અને dto છોટાઉદેપુર ડો. કુલદીપ શર્મા તેમજ એમઓ બહાદરપુર ડો.પૂર્વી પટેલ અને CHC સુપ્રીમ ટેન્ડટ ડો હરીશ રાઠવા અને THO ડો. વિકાસ રંજન ના માર્ગદર્શન હેઠળમાર્ગદર્શનઆપવામાંઆવ્યુંહતું.

### પ્રથમ તાલુકા અને હવે જિલ્લાની બેઠક બિનહરીફ

## વડોદરા જિ.પંચાયતની ગુતાલ બેઠક પર કોંગ્રેસે ઉમેદવારી પરત ખેંચી

(પ્રતિનિધિ) વાઘોડિયા તા.13

વાઘોડિયા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનુ રણશિંગુ ફૂંકાય તે પહેલા અનેક મહારથીઓ ભાજપ સામે રણછોડી રહ્યા છે.વાઘોડિયામાં રાજનીતિ ચરમસીમાએ પહોંચી છે.સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં અનેક મોટા માથા અને ભાજપના હોદેદારો અને આગેવાનોની ટીમો હરીફ ઉમેદવારોને સમજાવી ઉમેદવારી પરત ખેંચાવી ભાજપના નારાજ કાર્યકર્તાઓએ ભાજપ સામે ચૂંટણીમાં જંગે ચડેલા કાર્યકરોને પરત ભાજપમાં ઘરવાપસી કરાવી રહ્યા છે. ગુતાલ જિલ્લા પંચાયતના ભાજપના ચૂંટણી ઈનચાર્જ રાજેન્દ્ર



પટેલ ઉર્ફે રાજુ દાઢીની મહેનત રંગ લાવી છે.જુના રામપુર અને ગુતાલ ગ્રામ પંચાયત સહિત ગુતાલ જિલ્લા પંચાયત વિસ્તારના સરપંચોએ આગેવાની કરી ભાજપના હોદેદારો સાથે મળી ભાજપમાંથી ટિકિટ ન મળતા નારાજ નરેન્દ્રભાઈ સુરેશભાઈ વસાવાએ કોંગ્રેસ પક્ષમાંથી ઉમેદવારી નોંધાવી હતી.આજ રોજ નરેન્દ્ર વસાવા ઉર્ફે મોદીને સમજાવટ કરતા કોંગ્રેસ ઉમેદવાર નરેન્દ્ર વસાવાએ ઉમેદવારી પાછી ખેંચતા ભાજપના વિશાલ વસાવા ગુતાલ જિલ્લા પંચાયતની બેઠક પર બિન હરીફ બન્યા હતા.

## પાદરામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો

પાદરાઃ પાદરા નગરપાલિકા તેમજ તાલુકા અને જિલ્લા પંચાયતની આવનારી ચૂંટણીને લઈ રાજકીય માહોલ દિવસેને દિવસે ગરમાતો જઈ રહ્યો છે. સત્તા હાંસલ કરવા માટે રાજકીય પક્ષો તેમજ નેતાઓ અને આગેવાનો દ્વારા પોતાના પક્ષના ઉમેદવારોને મજબૂત બનાવવા સાથે અપક્ષ ઉમેદવારોને મનાવવા માટે પણ જોરદાર તીવ્ર પ્રયાસો હાથ ધરાયા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે તમામ પક્ષોનું ધ્યાન ઉમેદવારી પત્રો પાછા ખેંચાવવાની પ્રક્રિયા પર કેન્દ્રિત થયું છે. ચૂંટણી પંચ દ્વારા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની અંતિમ તારીખ 15 એપ્રિલ, 2026 નક્કી કરવામાં આવી છે.

### સાધલી મુકામે આવેલ આઉટ પોસ્ટ ખાતે યોજાઇ

## DYSPની અધ્યક્ષતામાં સાયબર ક્રાઈમ જાગૃતિ અભિયાન યોજાયું

(પ્રતિનિધિ) શિનોર તા.13

શિનોર તાલુકાના હાલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ને લઈને શિનોર સહિત સમગ્ર રાજ્યમાં રાજકીય માહોલ સર્જાયો છે,ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કાયદો વ્યવસ્થા જળવાય રહે તે હેતુ સાથે આજરોજ શિનોર પોલીસ ધ્વારા સાધલી આઉટ પોસ્ટ ખાતે DYSP આકાશ પટેલ ના અધ્યક્ષતામાં સાયબર ક્રાઈમ જાગૃતિ અભિયાન અંતર્ગત એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ચૂંટણી દરમિયાન કાયદો વ્યવસ્થા જળવાય રહે તે માટે શું કરવું જોઈએ તે અંગેની ખૂબ અગત્ય ની જાણકારી DYSP આકાશ પટેલ,અને



શિનોર પી.આઈ.R.R.વસાવા ધ્વારા આપવામાં આવી હતી.આ દરમિયાન મોટી સંખ્યામાં વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.અને ત્યારબાદ સાધલી નગરમાં DYSP આકાશ પટેલ અને શિનોર પી.આઈ.R.R. વસાવા ની ઉપસ્થિતિમાં ફ્લેગમાર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં પોલીસ કર્મચારીઓ અને હોમગાર્ડ ના જવાનો જોડાયા હતા.

### સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવા આદેશ

## કલેક્ટર ગાર્ગી જૈન નવનિર્મિત જનરલ હોસ્પિટલની રૂબરૂ મૂલાકાતે



(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.13

છોટાઉદેપુર જિલ્લાના નાગરિકોને ઘરઆંગણે આધુનિક આરોગ્ય સુવિધાઓ મળી રહે તે હેતુથી નિર્માણ પામી રહેલી નવી જનરલ હોસ્પિટલના કાર્યની જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા રૂબરૂ મુલાકાત લઈ વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે બાંધકામની ગુણવત્તા અને પ્રગતિ અંગે જરૂરી સૂચનાઓ આપી હતી. કલેક્ટર ગાર્ગી જૈને હોસ્પિટલના નિર્માણ સ્થળની મુલાકાત લઈ અત્યાર સુધી થયેલા કામનું નિરીક્ષણ કર્યું હતું.

તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, આરોગ્ય જેવી પાયાની સુવિધા માટે નિર્માણ પામી રહેલી આ સંસ્થાના કામમાં કોઈ પણ પ્રકારની ગુણવત્તા સાથે સમજૂતી કરવામાં આવશે નહીં. તેમણે સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરને બાંધકામ કામગીરી ગુણવત્તાપૂર્વક અને નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે તાકીદ કરી હતી. આ નવી જનરલ હોસ્પિટલ કાર્યરત થવાથી જિલ્લાના અંતરિયાળ વિસ્તારના નાગરિકોને આધુનિક સારવાર માટે અન્ય શહેરો પર નિર્ભર રહેવું પડશે નહીં. કલેક્ટરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો કામગીરી સમયસર પૂર્ણ થશે તો નાગરિકોને વહેલી તકે આ ઉચ્ચ કક્ષાની આરોગ્ય સેવાઓનો લાભ મળી શકશે. આ સમીક્ષા બેઠક દરમિયાન જિલ્લાના અન્ય વહીવટી અધિકારીઓ અને આરોગ્ય વિભાગના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

### ચાલો મતદાન કરીએની હાકલ કરાઇ

## પાવીજેતપુર ખાતે મતદાન જાગૃતિ અંગેની રેલી યોજાઇ



(પ્રતિનિધિ) પાવીજેતપુર તા.13

સ્થાનિક સ્વરાજ ચૂંટણી અંતર્ગત પાવીજેતપુર હાઈસ્કૂલમાંથી મતદાન જાગૃતિ અંગેની ભવ્ય રેલીનું આયોજન કરાયું

હાલ જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતની 2026 ની સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓની કામગીરીને આખારી ઓપ અપાઈ રહ્યો છે ત્યારે લોકશાહીનું સાચું મહત્વ સમજી નાગરિકો પોતાના મતાધિકારનો યોગ્ય ઉપયોગ કરે તેવા ઉમદા આશયથી સ્વીપ નોડલની કામગીરી કરી રહેલ પી. આર. વાઘેલા તેમજ પાવીજેતપુર મામલતદાર કચેરીના ના. મામલતદાર હરિતા પટેલના માર્ગદર્શન હેઠળ તા.13/4/26 ને સોમવારના રોજ શ્રીમતી વી. આર. શાહ હાઈસ્કૂલના વિધ્યાર્થીઓ દ્વારા " ચાલો મતદાન કરીએ ". મતદાન મહાદાન " જેવા નારાઓ બોલાવી આખા નગરના લોકોને મતદાન કરવાની અપીલ કરી સફળ રેલીનું આયોજન કર્યું હતું.

## પાદરા ખાતે સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીને લઈને રાજકીય ચહલપહલ તેજ

પાદરા : પાદરા ખાતે આવનારી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીને લઈને રાજકીય ચહલપહલ તેજ બની રહી છે. આવનારી 26 એપ્રિલ, 2026ના રોજ યોજાનારી પાદરા નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી પ્રક્રિયાના ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આજરોજ ફોર્મ ચકાસણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. પાદરા નગરપાલિકામાં વોર્ડ નંબર ૧ થી ૭ માં ૨૮ બેઠક માટે કુલ 64 ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાંથી ચકાસણી દરમિયાન ઉમેદવારી પત્રો રદ થયા હતા અને હવે બાકીના ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. હવે જોવું રહ્યું કે આવતી ૧૫ તારીખે કેટલા ફોર્મ પરત ખેંચાય છે. જિલ્લા પંચાયત માટે કુલ 6 બેઠકો માટે 24 ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાંથી ચકાસણી દરમિયાન 5 ઉમેદવારી પત્રો રદ થયા હોવાનું જાણવા મળ્યું છે.


### જાહેર નોટિસ

સુશ્રી સી.આર. પઢિયાર ,મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કરજણની કોર્ટ

અરજદાર :- ફટકીયા ઇબ્રાહીમ મુસા
રહે ગ્રીન પાર્ક મનુબર તા.જી.ભરૂચ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી
સાંસરોદ ગ્રામ પંચાયત તા.કરજણ જી.વડોદરા
જન્મ મરણ/નોધણી/અરજી નં.૧૯૩ /૨૦૨૫

જન્મ-મરણ નોધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી, ફટકીયા ઈબ્રાહીમ મુસાનું જન્મ તા.01/06/1963 ના રોજ મોજે-સાંસરોદ, તા.કરજણ, જિ.વડોદરા મુકામે થયેલ,પરંતુ જે તે સમયે તેઓની જન્મની નોધણી જન્મ- મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી સાંસરોદ ગ્રામ પંચાયતની કચેરીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરવો, અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

મામલદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટ, કરજણ